હે જગત્રાતા વિશ્વવિધાતા, હે સુખશાંતિ નિકેતન હે! પ્રેમ કે સિંધો, દીન કે બંધો, દુઃખદરિદ્ર નિવારણ હે!

## રાજ્યમાં વધુ ૫૭૨ નવા કેસ : અમદાવાદમાં ૨૧૫ : ગાંધીનગરમાં ૨૨

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૦૬ ૨૫ જુન, ૨૦૨૦, ગુરૂવાર; અષાઢ સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઈતિહાસમાં પ્રથમ વખત પેટ્રોલ કરતા ડિઝલ મોંઘુ

**એક તરફ કોરોનાનો માર-બીજી તરફ મોંઘવારીનો માર : સતત ૧૮મા દિવસે પેટ્રોલને બાકાત રાખી ડિઝલના ભાવમાં ૪૮ પૈસા વધ્યાઃ દિલ્હીમાં પેટ્રોલ ૭૯.૭૬ રૂપિયે તો ડિઝલ ૭૯.૮૮ની ટોચે પહોંચ્યુ : ડિઝલ મોંઘુ થતાં પરિવહન મુસાફરી અને ટ્રાન્સપોર્ટેશન ભાડા પણ વધવાની શક્યતા**




ન્યુ દિલ્હી,તા.૨૪

યુપીએ સરકાર વખતે મોંઘવારી અને ખાસ કરીને પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાને લઈને ભાજપ દ્વારા દિલ્હીની સડકો પર ભારે વિરોધ કરાતો હતો. પરંતુ અનલોક-૧માં મોદી સરકારે આજે સતત ૧૮મા દિવસે પેટ્રોલ અને ડિઝલમાંથી પેટ્રોલને બાકાત રાખીને માત્ર ડિઝલ પર ૪૮ પૈસાનો વધારો કરતાં તે સાથે જ બળતણ ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચાયો હતો. જેમાં દેશમાં પહેલીવાર પેટ્રોલ કરતાં ડિઝલ મોંઘુ થયું હતું. દિલ્હીમાં આજે ડિઝલનો ભાવ રૂ. ૭૯.૮૮ પ્રતિ લિટર હતો. જ્યારે પેટ્રોલનો ભાવ રૂ. ૭૯.૭૬ પૈસા જોવા મળ્યો હતો, સામાન્ય રીતે અત્યાર સુધી બળતણના ભાવ ક્ષેત્રે એવુ જોવા મળતું હતું કે પેટ્રોલ અને ડિઝલના ભાવની વચ્ચે ૫ કે ૧૦ રૂપિયાનું અંતર રહેતું હતું. પરંતુ હવે એ અંતર ધીમે ધીમે ઓછુ થઈને ડિઝલના ભાવ પેટ્રોલની સમકક્ષ અને હવે તેનાં કરતાં પણ આગળ નિકળી જતાં નાણાં બચાવવા પેટ્રોલના બદલે ડિઝલથી ચાલતી કાર લેનારા વાહનમાલિકો માટે પસ્તાવોનો વારો આવી શકે તેમ છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૭૯.૭૬ રૂપિયા અને ડિઝલની કિંમત ૭૯.૪૦ રૂપિયાથી વધીને ૭૯.૮૮ રૂપિય પ્રતિ લિટર થઈ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## કેન્દ્રીય કર્મચારીઓને માર્ચ-૨૦૨૧ સુધી હવે પગાર વધારો નહીં મળે

**કર્મચારીઓના વાર્ષિક પરફોર્મન્સ એસેસમેન્ટ રિપોર્ટની મુદત વધારીને માર્ચ ૨૦૨૧ કરવામાં આવી : કેન્દ્રીય કર્મીઓના પગાર વધારાની આશા નહિવત**

નવી દિલ્હી

કોરોના સંકટ દરમિયાન કેન્દ્રીય કર્મચારીઓને મોટો ઝટકો લાગ્યો છે. લોકડાઉનને કારણે આર્થિક ભારણ ઘટાડવા માટે કેન્દ્ર સરકારે પહેલેથી જ મોંઘવારી ભથ્થામાં વધારાની ચુકવણી બંધ કરી દીધી છે, હવે સરકારે લાખો કેન્દ્રીય કર્મચારીઓને વધુ એક ઝટકો આપ્યો છે. સરકારે કેન્દ્રીય કર્મચારીઓના મૂલ્યાંકન પર પ્રતિબંધ મૂક્યો છે. સરકાર દ્વારા જારી કરાયેલા આદેશ બાદ માર્ચ ૨૦૨૧ સુધીમાં કેન્દ્રીય કર્મચારીઓના પગારમાં વધારો થવાની તમામ આશાઓ ખતમ થઈ ગઈ છે. સરકારે માર્ચ ૨૦૨૧ સુધી કર્મચારીઓના પગાર વધારાને અટકાવી દીધો છે. સરકારના આદેશ બાદ હવે કેન્દ્રીય કર્મચારીઓએ તેમના વાર્ષિક મૂલ્યાંકન માટે માર્ચ ૨૦૨૧ સુધી રાહ જોવી પડશે. કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓના વાર્ષિક પર્ફોર્મન્સ એસેસમેન્ટ રિપોર્ટ (એપીએઆર) ના પૂર્ણ થવાની અવધિ ૨૦૧૯-૨૦ માટે વધારી દીધી છે. એપીએઆર તારીખ વિસ્તૃત કેન્દ્ર સરકારે માર્ચ ૨૦૨૧ સુધી એપીએઆર રિપોર્ટની તારીખ વધારી દીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ વાર્ષિક મૂલ્યાંકન આકારણી અહેવાલ ભરવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી રાખવામાં આવી હતી, પરંતુ હવે કોરોના સંકટને કારણે આર્થિક મોરચે પડકારને ધ્યાનમાં રાખીને સરકારે આગામી વર્ષ માર્ચ સુધી તેની મુદત લંબાવી દીધી છે. આનો અર્થ એ કે કેન્દ્રીય કર્મચારીઓને ઈન્ક્રીમેન્ટ અને બઢતી માટે આવતા વર્ષ સુધી રાહ જોવી પડશે.

● અનુસંધાન પાન-૭ પર

## લોકડાઉન દરમિયાન ટિકિટ બુક કરાવનારાને પુરેપુરૂં રિફંડ અપાશે

**૧૪ એપ્રિલ અને તે પહેલાં બુક કરાવેલી ટિકિટનું સંપૂર્ણ રિફંડ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો : કોરોનાને કારણે ટ્રેનો રદ કરવામાં આવી હતી**

નવી દિલ્હી, તા. ૨૪

કોરોના વાયરસ લોકડાઉન દરમિયાન રેલવેની મુસાફરી દ્વારા તેમના ગંતવ્ય પર જવા માટે એપ્રિલમાં ટીકિટ બુક કરાવનારાઓને ભારતીય રેલવેએ મોટી રાહત આપી છે. રેલવે મંત્રાલયે મંગળવારે જણાવવામાં આવ્યું હતું કે મુસાફરોને કોરોના સમયગાળા દરમિયાન નિયમિત સમય ટેબલ પર દોડતી ટ્રેનો માટે ૧૪ એપ્રિલ, ૨૦૨૦ પર અથવા તે પહેલાં બુક કરાવેલી તમામ ટિકિટના સંપૂર્ણ રિફંડ આપવામાં આવશે. આનો અર્થ એ કે જો કોઈ મુસાફરે નિયમિત ટ્રેનમાં મુસાફરી માટે ટિકિટ બુક કરાવી હોય, તો આઈઆરસીટીસી તેને ટિકિટની સંપૂર્ણ રકમ પરત કરશે. કોરોનાને કારણે ટ્રેનો રદ કરવામાં આવી હતી. કોરોના વાયરસને કારણે ૨૫ માર્ચ, ૨૦૨૦ ના રોજ દેશવ્યાપી લોકડાઉનની ઘોષણા કરવામાં આવી હતી, જેને ધ્યાનમાં રાખીને માર્ગ, રેલ અને હવાઈ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૯૪૨૦૭૫૬ | ૪૮૧૩૭૫ | ૫૦૭૯૬૬૫ |
| ભારત | ૪૭૧૮૪૧ | ૧૪૮૯૪ | ૨૭૦૫૯૮ |
| ગુજરાત | ૨૯૦૦૧ | ૧૭૩૬ | ૨૧૦૯૬ |
| ગાંધીનગર | ૬૩૨ | ૩૩ | ૩૮૨ |

## દેશમાં કોરોના આતંક : ૧૫,૯૪૮ નવા કેસ

**દેશમાં કોરોના કુલ કેસ ૪,૫૬,૧૮૩ને પાર, છેલ્લા ૨૪ કલાકમાં ૪૬૫ના મોત : ૧૪૪૭૬ લોકોના મોત : ૨.૫૮ લાખ લોકો સ્વસ્થ થયા જ્યારે કોરોના રિકવરી રેટ ૫૬.૭૦ ટકાએ પહોંચ્યો,૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૨.૧૫ લાખ ટેસ્ટ કરવામાં આવ્યા**

ન્યુ દિલ્હી,તા.૨૪

ભારતમાં કોરોના વાયરસે તબાહી મચાવી છે. દરરોજ કોરોનાનાં દર્દીઓની સંખ્યા સરેરાશ ૧૫ હજાર વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસનાં રેકોર્ડતોડ ૧૫ હજાર ૯૪૮ નવા કેસ સામે આવી રહ્યા છે અને એક દિવસમાં ૪૬૫ લોકોનાં મોત થયા છે. આવામાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે અચાનક એવું શું થયું કે કોરોનાનાં આટલા બધા કેસ આવવા લાગ્યા છે. કોરોનાનાં કેસમાં થઈ રહેલા વધારાનું મોટું કારણ ટેસ્ટિંગમાં ઝડપને માનવામાં આવી રહ્યું છે. દેશમાં કોવિડ-૧૯ દર્દીઓની સંખ્યા ૪,૫૦,૦૦૦ ને વટાવી ગઈ હતી. હાલમાં ભારતમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૪,૫૬,૧૮૩ છે.

અત્યાર સુધીમાં ૨,૫૮,૬૮૫ લોકો આ વાયરસથી ઠીક થયા છે. વળી, કોરોના વાયરસનાં કારણે અત્યાર સુધીમાં ૧૪,૪૭૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. એકમાત્ર રાહત એ છે કે રિકવરી દર પણ વધી રહ્યો છે. કોરોનામાં રિકવરી દર ૫૬.૭૦% છે. તે પહેલાના ૨૩ જૂને સવારે આશરે ૫૬.૩૭% હતો.

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૨.૧૫ લાખ ટેસ્ટ દેશમાં કરવામાં આવ્યા છે. ભારતમાં હવે કોરોના વાયરસનાં ટેસ્ટિંગ માટે કુલ ૧ હજાર લેબ થઈ ગઈ છે. દેશમાં હવે ૭૩૦ સરકારી અને ૨૭૦ પ્રાઈવેટ લેબ છે. આઈસીએમઆર પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨,૧૫,૧૯૫ ટેસ્ટ કરવામાં આવ્યા. આમાં આરટી-પીસીઆર, એન્ટીજન ટેસ્ટ તમામ પ્રકારનાં ટેસ્ટ સામેલ છે.

દેશમાં ૫૦૦થી વધુ મોત વાળા રાજ્યમાં ગુજરાતમાં મોતની ટકાવારી સૌથી વધારે ૬.૦૨% છે. મહારાષ્ટ્રમાં મૃતકોની સંખ્યા ગુજરાત કરતા છ ગણી છે, પરંતુ તે બીજા નંબરે છે.

## સોનાનો ભાવ પ્રથમ વખત ૫૦,૦૦૦ને પાર

ન્યુ દિલ્હી,તા.૨૪

એક તરફ કોરોના મહામારી અને બીજી તરફ અમેરિકા-ચીન વચ્ચે વણસી રહેલા સંબંધોને કારણે સર્જાયેલ અનિશ્ચિત્તાના માહોલ વચ્ચે લોકો સુરક્ષિત રોકાણ તરફ વળી રહ્યાં છે. સોનાની ઘટવા છતા અન્ય એસેટ ક્લાસમાંથી રોકાણ સોનામાં આવતા એકતરફી ઉછાળો જ જોવા મળી રહ્યો છે.

લોકડાઉન બાદ હવે ફરી અનલોકને કારણે બજારમાં માંગ સુધરતા સોનાની ચાલ ઝડપી બની છે. આજે ફરી સોનામાં રેકોર્ડ હાઈ લેવલ જોવા મળ્યા છે. સ્ઝઠ પર ઓગષ્ટ, ગોલ્ડ વાયદો ૪૮,૩૩૩ના નવા ઓલટાઈમ હાઈ સ્તરે પહોંચ્યો છે.

જોકે હાજર બજારમાં સોનું ૫૦,૦૦૦ના રેકોર્ડ ભાવને પાર નીકળ્યું છે. અમદાવાદના હાજર બજારના ભાવ ૫૦,૨૫૦ના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે ૨૪મી જુનના રોજ પહોંચ્યા છે.

સોનાની જોડે જ રોકાણનું અન્ય ઉત્તમ સાધન ગણાતા ચાંદીમાં પણ સામાન્ય તેજી છે પરંતુ, સોનાની જેમ બુલરન ચાંદીમાં આ દોરમાં નથી જોવા મળી રહ્યો. સ્ઝઠ પર ચાંદી વાયદો ૧૦૦ રૂપિયાના ઘટાડા સાથે ૪૮,૭૦૦ના સ્તરે ટ્રેડ કરી રહ્યું છે.

જોકે હાજર બજારમાં ચાંદી પણ ૫૦,૦૦૦ના ભાવને પાર છે. અમદાવાદમાં સિલ્વર ૫૦,૨૪૫ પર બોલાઈ રહી છે.

## દેશની ૧,૫૪૦ સહકારી બેન્કો આરબીઆઈ હેઠળ

**વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક યોજાઇ : અંતરીક્ષ વિજ્ઞાન ક્ષેત્રે ભારે મોટા સુધારા કરાયા અને કુશીનગર એરપોર્ટને આંતરરાષ્ટ્રીય વિમાની મથક ઘોષિત કરવામાં આવ્યું : દેશની ૧૪૮૨ અર્બન કો-ઓપરેટીવ બેંક અને ૫૮ મલ્ટીસ્ટેટ કો-ઓપરેટીવ બેંકના થાપણદારોના પૈસા હવે વધુ સલામત બનશે : કેબિનેટનો મહત્વનો નિર્ણય**

ન્યુ દિલ્હી,તા.૨૪

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં કેબિનેટની એક બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે આજે અંતરીક્ષ વિજ્ઞાન અને બેંક્સ મામલે મોટા સુધારાના વટહુકમને મંજૂરી આપવામાં આવી હોવાની માહિતી આપી હતી. હવેથી સરકારી બેંક (અર્બન કો ઓપરેટિવ બેંક હોય કે પછી મલ્ટી



સ્ટેટ કો ઓપરેટિવ બેંક) રિઝર્વ બેંકના સુપરવિઝન પાવરમાં આવશે.

કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે ૧,૪૮૨ શહેરી સહકારી બેંક અને ૫૮ બહુ રાજ્ય સહકારી બેંક સહિતની સરકારી બેંક્સ હવે ભારતીય રિઝર્વ બેંક (ઈૈ)ના સુપરવિઝન અંતર્ગત લવાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## મેક્સિકોમાં ૭.૪ની તીવ્રતાનો ભૂકંપ

મેક્સિકો,તા.૨૪

મેક્સિકોમાં મંગળવારે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૪ માપવામાં આવી છે, જેમાં ૫ લોકોના મોત થયા છે. જ્યારે આ વચ્ચે અમેરિકન જિયોલોજિકલ સર્વે ધ યૂએસ નેશનલ ઓસનિક એન્ડ એડમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશને સુનામીની ચેતવણી આપી છે.

ધ યૂએસ નેશનલ ઓસનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશને મેક્સિકો, દક્ષિણ મેક્સિકો, ગ્વાટેમાલા, અલ સાલ્વાડોર અને હોંડુરાસમાં ભૂકંપ પછી સુનામીની ચેતવણી જાહેર કરી છે. મેક્સિકો સિટીમાં ભૂકંપના આંચકાની સાથે જ લોકો પોતાના ઘરમાંથી બહાર નિકળી ગયા હતા. ભૂકંપના આંચકા પછી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે.




## રશિયાની વિક્ટ્રી-ડે પરેડમાં ભારતીય સૈનિકોનો દબદબો



મૉસ્કો,તા.૨૪

રશિયાની રાજધાની મોસ્કોમાં ૭૫મી વિક્ટ્રી ડે પરેડનું આયોજન કરાયું છે. આ પરેડ દ્વારા રશિયાએ દુનિયાને પોતાની સૈન્ય તાકાત દેખાડી. રશિયાની આ વિક્ટ્રી પરેડનું મહત્વ આ વખતે એટલા માટે વધી ગયું કારણ કે ગલવાનમાં ભારતનું પરાક્રમ જોયા બાદ ચીન અને હિન્દુસ્તાન બંને દેશોના રક્ષામંત્રી તથા બંને દેશોની સેનાઓની ટુકડી આ પરેડમાં સામેલ થયા હતાં. આ પરેડમાં ભારતની સૈન્ય ટુકડી પણ સામેલ થઈ જેણે વિદેશી જમીન પર ભારતીય તિરંગા સાથે માર્ચ પોસ્ટ કરી.

આ પરેડ માટે ચીનની પીપલ્સ લિબરેશન આર્મીના ૧૦૫ જવાનો સામેલ થયા હતાં જ્યારે ભારતે મોસ્કોની પરેડ માટે ત્રણેય સેનાના ૭૫ સૈનિકોની ટુકડીને મોકલી હતી. જેનું નેતૃત્વ એક કર્નલ રેંક્રના અધિકારીએ કર્યું. ગલવાનમાં ચીનને પાઠ ભણાવ્યાં બાદ આજે ભારતીય સેનાની ટુકડીનો જોશ પણ બમણો જોવા મળ્યો.

રાજનાથ સિંહે રશિયાના ઉપપ્રધાનમંત્રી યુરી બોરિસોવ સાથે દ્વિપક્ષીય રક્ષા સંબંધો પર ચર્ચા કરી. રશિયાના ઉપપ્રધાનમંત્રી કોરોના

● અનુસંધાન પાન-૭ પર